॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૬ માર્ચ/એપ્રિલ-૧૯૮૬ અંક ૬

## વાલીઓને,

### વિદ્યાર્થીઓ અને યાંત્રિક વાહનો

અમદાવાદનો વાહન વ્યવહાર અત્યંત અસ્ત વ્યસ્ત છે એવો આપણો સૌનો અનુભવ છે, કુતરા, ગાય, ગધેડાં જેવા પ્રાણીઓથી માંડીને ઉંટગાડી જેવા ધીમા વાહનો, રસ્તાના નિયમોનું પાલન ન કરતા સાયકલ સવારોથી માંડીને મારૂતી અને મર્સિડીસ જેવી ગાડીઓ અમદાવાદના રસ્તા ઉપર ફરે છે. ચાર રસ્તા ગમે તેવા ટ્રાફીકથી ઉભરાતા હોવા છતાં ટ્રાફીક-સર્કલ અપવાદરૂપ જગાએ જ છે. આમાં ઉચાટ ઉપજાવે તેવું નવું પરિબળ ઉમેરાયું છે.–લાઈસન્સ વિના કાચી ઉંમરે યાંત્રિક વાહનો ચલાવતા વિદ્યાર્થીઓનું, એ સાવ નવું પરિબળ ન પણ હોય, પરંતુ આજ સુધી પોતાની સોસાયટી કે મકાનના નજીકના વિસ્તારમાં આવા વાહનો આવતાં આ વાહનો ચલાવવાનું સિમિત હતું, નાના મોપેડ જેવા વાહનો આવતાં આ વાહનો ચલાવવાની સરળતા જણાતાં તે સાયકલની માફક વપરાવા લાગ્યા છે, શાળા કક્ષાએ લાયસન્સ મેળવવાની ઉંમર પહોંચતી ન હોય તે સ્વભાવિક છે. આમ છતાં શાળા કક્ષાએ અભ્યાસ કરતા બાળકો તે ચલાવતા જોઈ આશ્ચર્ય થાય છે, એકથી દોઢ હોર્સ પાવરના વાહનો ચલાવતા જોઇને.

આમાં રહેલા જોખમોનો અંદાજ વાલીને ન હોય તેમ માનવાને કારણ નથી; ત્યારે બાળકની 'જીદ' સામે એ નમે છે, કે આ બાબતમાં જોવા વિચારવાનો તેમને સમય નથી તેમ માનવું ? વાહનો ચોરી છુપાથી લઇ જવાતા હોય તેવું પણ અશકય નથી, પણ આવી બેકાળજી કેટલી ખતરનાક છે તેનો વિચાર કરીએ છીએ ખરા ?

શાળા પુરતું અમારો અભિગમ સ્પષ્ટ છે અમે આ વલણને ચલાવી ન શકીએ કમસે કમ આપનું બાળક શાળાએ તો વાહન ન જ લાવે તે આપને ભારપૂર્વક જણાવીએ છીએ. અમે તેને ગેરશિસ્તના ગંભીર પ્રકાર તરીકે લેખીશું 'શું કરીએ બાળક માનતું નથી. બધા ચલાવે તો તેને અમે કયાં સુધી રોકીએ' ? એવો પ્રતિભાવ આ પ્રશ્નમાં ન આપી શકાય, એમ અમે માનીએ છીએ. તમે પણ અમારા મતના જ છો, એવો અમને વિશ્વાસ છે ઘર અને શાળાનો સહકાર હશે તો આ ખતરનાક દુષણમાંથી આપણે સહેલાઇથી બચી શકીશું.

**દિનુભાઈના વંદન**

## ડાબા પગનો લેખક

ઇ.સ ૧૯૩૨ની અમેરિકા દેશની આ વાત છે. બ્રાઉન કુટુંબમાં એક બાળક જન્મ્યો, એનું નામ ક્રિસ્ટી.

એ એક પણ અંગ હલાવી શકે નહી, એને સંભળાય ખરૂં, એ સમજે ખરો, એ વિચારી શકે, એ જોઈ શકે પરંતું એક પણ અંગ હલાવી ન શકે.

ક્રિસ્ટી પાંચ વર્ષનો થયો, એક દિવસ તેણે તેની બહેનને ફ્લેટમાં લખતાં જોઇ અને એના ડાબા પગને અચાનક આંચકો લાગ્યો. અંગુઠા અને આંગળી વચ્ચે એણે પાટીમાં લખવાની પેન પકડીને તેણે લખવાનો પ્રયત્ન કર્યો. તેના માતાપિતા તથા ભાઇએને તેને મદદ કરી, એમ કરતાં તે લખતાં વાંચતા શીખી ગયો પછી ધીમેધીમે ચિત્રો દોરતાં પણ તે શીખ્યો ડાબા પગના અંગૂઠા અને આંગળીથી પીંછી પકડીને એ એમાં રંગ પૂરતો, તેણે ચિત્રકામની સ્પર્ધામાં ભાગ લીધો ને પ્રથમ નંબરે આવ્યો.

આ પછી તેણે કવિતા લખવા માંડી, વાર્તા અને નવલકથા લખવાની પણ શરૂઆત કરી, ને હાથ વીના ફક્ત ડાબા પગ વડે એક એવી નવલકથા લખી કે જે સારાય વિશ્વમાં શ્રેષ્ઠ નવલકથા તરીકે વખણાઇ, ત્યારબાદ તો તેણે ઘણી બધી નવલકથાઓ લખી.

(અનુસંધાન પાના નં ૪ પર)

## બાલમંદિર

તા. ૨૦-૨-૮૬ના રોજ બાલમંદિરની તાલીમ મંડળીના બાળકોની ચિત્ર હરિફાઇ તથા તા. ૧૪-૩-૮૬ ના રોજ સુલેખન હરિફાઇ યોજવામાં આવી દરેક ટુકડીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય આવનાર બાળકને બિરૂદ આપવા માં આવશે. તા. ૨૮-૨-૮૬ના રોજ બાલમંદિરના ત્રણે વિભાગના બાળકોએ રાવતસિંહ રાણાનો પપેટ શો જોયો.

તા ૮ અને ૯ માર્ચના દિવસે તાલીમ મંડળીનો ગાંધીનગરનો પ્રવાસ યોજવામાં આવ્યો. શિવરાત્રીની સવારે ૮ ના ટકોરે ૧૦૭ બાળકોને લઈને બાલમંદિરનો કાફલો ઉપડયો. બંને બસમાં ગીતોની રમઝટ જામી. 'આમ્રકુંજ'માં બાળકોને ઉતાર્યા, બાળકો નાની છુક છુક ગાડીમાં બેઠા, અને બગીચાની લૉનમાં તથા ક્રિડાંગણમાં ખૂબ રમ્યા. ચેવડાનો નાસ્તો કર્યો. નાસ્તા સમયે અમનેખબર પડી કે એક બાળકે શિવરાત્રી કરી છે, તો તેને શીંગ મંગાવી આપી.

અમારો ઉતારો ચંદુલાલ માધવલાલ સેકન્ડરી હાઈસ્કુલમાં હતો. જગ્યાની વિશાળતા જોઈ બાળકો ખૂબ આનંદમાં આવી ગયા, હાથ ધોઈ શિખંડ-પૂરી, બટાકાવડા ને કઢી ભાત જમ્યા. બપોરે સૌએ લશ્કરી આરામ લીધો. સાંજના હરણ જોવા ગયા. હરિયાળી લૉનમાં જુદી જુદી રમતો રમ્યા. સાંજે ઉતારે આવી ખીચડી, કઢી, શાકને પાપડ જમ્યા. અને રાતે વાર્તા શ્રવણ કરી બે ત્રણ ગરબા ગાઇ બાળકો નિદ્રાદેવીના ખોળે પોઢી ગયા.

બીજે દિવસે વહેલી સવારે પંખીઓના કલરવ સાથે બાળકોનો કલરવ પણ શરૂ થઈ ગયો. દૂધ પી તૈયાર થઇ બંને બસમાં ગોઠવાઈ ગયા. સ્વામીનારાયણનું અક્ષરધામ મંદિર જોયું. ત્યાંની ભવ્યતા જોઈ બાળકો મંત્રમુગ્ધ બની ગયા. 'આમ્રકુંજ' માં આવી બાળકોએ નૌકાવિહારની મોજ માણી.

ઉતારે આવી બાળકો હાથમોઢું ધોઈ કપડાં બદલી તૈયાર થઇ ગયા. લાડુ, મેથીના ગોટા, પૂરી શાક તથા દાળભાત પેટ ભરીને જમ્યા. બપોરે લશ્કરી આરામ લીધો. સાંજના ૪ના ટકોરે ફરી પાછા બસમાં ગોઠવાઇ ગયા. અને ગીતો ગાતાં, હસતાં રમતાં અને નાચતાં કૂદતાં બાળકો ૫ના ટકોરે બાલમંદિરના આંગણમાં આવી ગયા.

આખાયે પ્રવાસમાં બાળકોએ મમ્મી-પપ્પાને યાદ કર્યા સિવાય ખૂબ આનંદથી પોતાના મિત્રો સાથે પ્રવાસની મોજ માણી, આ પ્રવાસની અનુકૂળતા કરી આપવા બદલ આ સંસ્થાના વાલી શ્રી ધનાભાઇ વકીલના અમે આભારી છીએ, આ સફળતામાં બાલમંદિરના શિક્ષકોનો પ્રેમ અને બાળકો સાથેની તેમની તન્મયતા અને તત્પરતાએ મોટો ભાગ ભજવ્યો.

જ્યોત્સનાબેન શોધન

## શિશુમંદિર

તા ૧૭-૩-૮૬ને સોમવારે શિશુમંદિરના નાના બાળકોએ એક ટૂંકો પણ ખૂબ જ રસપ્રદ ગરબાનો કાર્યક્રમ આપ્યો. આ વિભાગના ચારે ગૃહો-ગંગોત્રી, ધવલગિરિ, મેઘનાદ અને રત્નદીપના સ્પર્ધાંના ચાર ગરબા ઉપરાંત ધો. ૧ થી ૪નો દરેક ધોરણનો એક ગરબો અને આંતર્ગૃહ સ્પર્ધામાં જેમની પસંદગી નહોતી થઇ શકી તે બહેનોએ ધો ૫, ૬, ૭ના દરેક ધોરણનો એકેક ગરબો રજૂ કર્યો આમ લગભગ દોઢ કલાકનો સુંદર કાર્યક્રમ વાલીઓએ માણ્યો, રજૂ થયેલા આ અગિયાર ગરબામાં ૧૬૦ બહેનોએ ભાગ લીધો.

ગરબાઓ તૈયાર કરવામાં બહારના આર્ટીસ્ટોનો આધાર નથી લેવાતો. અને શાળાના જ કાર્યકર મિત્રો આ તૈયારી કરાવે છે બાળકો પણ પોતાનો કાર્યક્રમ સારો બને તે માટે પૂરી મહેનત કરે છે. આખોયે કાર્યક્રમ એક શૈક્ષણિક પ્રોજેકટ બની જાય છે.

નાના બાળકો માટે ભાડાના ડ્રેસ ન જ લેવા જોઈએ એવો અમારો અભિગમ રહ્યો છે. આરોગ્યની દૃષ્ટિએ આ જરૂરી છે. બાળકોને ઘરનાં ડ્રેસમાં ગરબાની રજુઆત કરતાં જોઈ ગરબો વધારે સુંદર લાગે છે તેવો પ્રતિભાગ કેટલાય વાલીઓએ આપ્યો તેથી ખૂબજ આનંદ થયો સ્પર્ધાનાં ગરબામાં પણ ઘરનાંજ ડ્રેસથી કોઇ ઉણપ નથી આવતી, હકીકતમાં વધારે રૂચિકર બને છે તે અનુભવ્યુ.

ગરબા તૈયાર કરવામાં પ્રીતીબેનની મહેનત અને આયોજનનો લાભ દર વર્ષની માફક મળ્યા; નાદુરસ્ત તબીયતને કારણે શ્રી રમણભાઈનો લાભ અમને આ વર્ષે ન મળ્યો પરંતુ પ્રતિમાબેને તે જવાબદારી સુંદર રીતે નિભાવી ઉપરાંત શ્રી પુરાણી અને શ્રી કેસરીભાઈનો પણ સહકાર અમને સારો મળ્યો શ્રી ઉર્મિબેન તેમજ પ્રાથમિક વિભાગનાં સૌ કાર્યકર મિત્રોએ ખૂબજ જહેમત ઊઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો છે

અમારી ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ બેન પ્રતિક્ષા ઝવેરી બેન હિમાલી બુચ અને બેન પ્રિયદર્શિની ભટ્ટની નિર્ણાયક તરીકે સેવા મળી તે બદલ તેનાં અમે આભારી છીએ.

સ્પર્ધામાં પ્રથમ :- મેઘનાદ  દ્વિતીય :- રત્નદીપ

એકંદરે ચારે ગૃહનું બધી પ્રવૃત્તિનું પરિણામ

(૧) મેઘનાદ,-૬૫ (૨) ગંગોત્રી-૬૦

(૩) રત્નદીપ-૫૫ (૪) ધવલગિરિ-૫૦

**પ્રવાસ** :- તા ૧૫, ૧૬, ફેબ્રુઆરી ધો. ૫ના વિદ્યાર્થીઓનો વિજાપુર, મહુડીનો પ્રવાસ અને તા. ૨૨, ૨૩ ફેબ્રુઆરીનાં રોજ ધો. ૧નો ડાકોરનો પ્રવાસ યોજાયો જેના સુંદર વ્યવસ્થા બદલ સંસ્થા ડૉ. સૂર્યકાંતભાઈ પટેલ તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે.

કુમુનભાઈ શાહ

# વિનયમંદિર

ધો. ૮, ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા તા. ૨૨-૪-૮૬ થી શરૂ થઇ તા. ૩૦-૪-૮૬ના રોજ પૂરી થાય છે. વાર્ષિક પરિણામની તારીખ વિદ્યાર્થીઓને નોટીસ દ્વારા જણાવીશું.

ધો. ૮ થી ૧૨ માટે વેકેશન તા. ૨૬-૫-૮૬ થી તા. ૩૦-૬-૮૬ સુધી રહેશે. તા. ૧-૭ ૮૬થી નવા સત્રનો આરંભ થશે સત્રારંભે ધો. ૮/૯ના વિદ્યાર્થીઓએ સવારે જ્યારે ધો. ૧૦/૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ બપોરે આવવાનું રહેશે

ધો. ૯ના વિદ્યર્થી ભઇબહેનોએ ઉત્કઠેશ્વર પ્રવાસ કર્યો.

ધો. ૮ના વિદ્યાર્થી ભાઈબહેનોએ **સાદરાનો** પ્રવાસ કર્યો.

ઇન્ટરેકટ કલબના ઉપક્રમે શ્રી પિનાકિનભાઇ ઠાકોરે શાળાની મુલાકાત લીધી તેમના વ્યાખ્યાનમાં તેઓએ કાવ્ય કેવી રીતે અને કયાં સંજોગોમાં લખાય તેની છણાવટ કરી. તેઓના ચાર પાંચ કાવ્યોનું તેમણે રસદર્શન કરાવ્યું.

ફેબ્રુઆરી ૨૪/૨૫, ૧૯૮૬ના દિવસોએ ધો. ૮/૯ના વિદ્યાર્થીઓનો રમતોત્સવ યોજાયો હતો. તેના ચાર ગૃહો પ્રમાણે ગુણો નીચે મુજબ છે.

| ગૃહનું નામ | | મળેલા ગુણ |
|---|---|---|
| (૧) ચંદ્રમૌલી | – | ૭૪ |
| (૨) પદ્મપુકુર | – | ૧૨૮ |
| (૩) ગીતગોવિંદ | – | ૪૫ |
| (૪) મેઘદૂત | – | ૮૯ |

તા. ૧૮-૨-૮૬ના રોજ દિવાન બલ્લુભાઈ અમૃત મહોત્સવ વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ઈનામ મેળવવા બદ્દલ કુ **મૌસમી** વ્યાસને અભિનંદન.

તા. ૧૮-૩-૮૬ને મંગળવારે શ્રી દિનુભાઇએ શ્રેણી ૯ના વિદ્યાર્થીઓના વાલીઓને ધો. ૧૦માં કયા વિષયની પસંદગી કરવી જોઇએ તે વિષે વિગતવાર સમજ આપી હતી અને વાલીઓના આ અંગેના પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

વાલીઓ સારી એવી સંખ્યામાં આ મિટિંગમાં હાજર રહ્યા હતા. જેઓ આદિવસે બહારગામ હતાં તેઓને તેમજ આ મિટિંગ અંગે વાલીઓને બાળકોએ જાણ કરી નહોતી તેવા વાલીઓએ પણ તેમને વ્યક્તિગત મળી માર્ગદર્શન મેળવ્યું હતું.

દેવેન્દ્રભાઇ ઠાકર.

# શ્રદ્ધાંજલી

તા. ૨૨-૨ ૮૬ના રોજ શારદામંદિરના આદ્ય સ્થાપક પૂ શ્રી ભોગીભાઈ (કાકાભાઇના) તૈલચિત્રની અનાવરણ વિધિ યોજવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષપદે જાણીતા સાહિત્યકાર તથા કેળવણીકાર શ્રી યશવંતભાઇ શુકલ પધાર્યા અને સમારંભનું પ્રમુખસ્થાન સંસ્થાના પ્રમુખ શ્રી ગાંધીસાહેબે સંભાળ્યુ કાર્યક્રમનો પ્રારંભ વિનયમંદિરનાં મહામંત્રી અને ઉપમંત્રી બહેનો શ્રી પૂર્વી શાહ અને મૌસની વ્યાસના મીઠાં કંઠે ગવાયેલી ભાવપૂર્ણ પ્રાર્થનાથી થયો. જેણે એક સુંદર વાતાવરણ ઊભુ કર્યું સંસ્થાનાં આચાર્ય અને નિયામક શ્રી દિનુભાઇએ અતિથિવિશેષનો પરિચય કરાવી મહેમાનશ્રી તથા આમંત્રિતોનું સ્વાગત કર્યું અને મુ. કાકાભાઈને **શ્રદ્ધાંજલી** આપી.

શિશુમંદિરના મહામંત્રી બેનો શ્રી સમીપા શાહે અતિથિવિશેષ **શ્રી યશવંતભાઇ શુકલનું** પુષ્પ ગુચ્છથી અભિવાદન કર્યું તથા ઉપમંત્રી **શ્રી અનાર શાહે** પૂ ગાંધી **સાહેબને** પુષ્પગુચ્છ અર્પણ કર્યું.

આ પ્રસંગે વ્યવસ્થાપક સમિતિના સભ્ય અને શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી શિવપ્રસાદ વ્યાસે પ્રાસંગિક પ્રવચન કરતાં પૂ. કાકાભાઈને શ્રદ્ધાંજલી અર્પી. શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને હાલ ગુજરાત યુનિવર્સીટીના પ્રાધ્યાપિકા કુ. **ઉષાબેન ભટ્ટે** પણ પ્રસંગોચિત પ્રેરક પ્રાસંગિક પ્રવચન કર્યું સંસ્થાની શરૂઆતની વિદ્યાર્થીનીઓમાંના **શ્રી કમળાબેન સુતરીઆ** જેઓ આજના જાણીતા સામાજીક કાર્યકર છે તેમણે પણ હળવી શૈલીમાં ભૂતકાળના શાળા સાથેનાં સ્મરણો રજુ કર્યા અને પૂ કાકાભાઈની સ્મૃતિ તાજી કરી. સંસ્થાના મંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ બકુભાઈએ શાળાની સ્થાપનામાં પૂ. કાકાભાઈના પ્રદાન અંગેનો પરિચય આપ્યો ત્યારબાદ યશવંતભાઈના હસ્તે પૂ કાકાભાઇના તૈલચિત્રની અનાવરણ વિધિ કરવામાં આવી. આ પ્રસંગે સબોધતા શ્રી યશવંતભાઈએ પણ પૂ કાકાભાઈ સાથેનાં તેમનાં પ્રસંગો અને શારદામંદિરના વિકાસમાં તેમના પ્રદાન અંગે પ્રવચન કર્યું. પૂ. ગાંધીસાહેબે પ્રમુખસ્થાનેથી બોલતા એમના સંસ્થા સાથેના વર્ષોજુના ગાઢ પરિચય અને પૂ. કાકાભાઈના વ્યક્તિત્વ અને પ્રતિભાનો સુંદર પરિચય કરાવ્યો કાર્યક્રમને અંતે વિનયમંદિરના આચાર્ય શ્રી દેવેન્દ્રભાઈએ અતિથિવિશેષ પ્રમુખશ્રી અને આમંત્રિતોનો સંસ્થા તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો અને આમ સંસ્થાના આદ્યસ્થાપક પુ કાકાભાઈને શ્રદ્ધાજલિરૂપે આખોય કાર્યક્રમ સફળ રીતે પરિપૂર્ણ કરવામાં આવ્યો આ કાર્યક્રમ પ્રસંગે બાલમંદિરની શિક્ષિકા બહેનોએ પ્રાર્થનામંદિરને પુષ્પોથી સુંદર રીતે શણગારી આખાય પ્રસંગને દીપાવ્યો.

ઊર્મિલા શાહ

મોર રૂપાળો કળા કરતો
ટેહૂક ટેહૂક ગાય,
ઠમ્મક ઠમ્મક નાચે ત્યારે
ઢેલ પણ રાજી થાય

પાયલ શાહ

કરોળિયો કારીગર ભારે,
ઝીણું બાંધે જાળું,
માખી એની અંદર આવો
ના સાંકળના તાળું

સંકલન : અભિષેક શાહ (૫ અ)

હે આવ્યો રે આવ્યો રે આવ્યો રે
મેહુલિયો આવ્યો રે
ભાગો રે ભાગો રે ભાગો રે
મેહુલિયો આવ્યો રે
છત્રી ઓઢી રેઇનકોટ પહેરી
ભાગો રે ભાગો રે ભાગો રે
મેહુલિયો આવ્યો રે
છત્રી ઓઢી રેઈનકોટ પહેરી
છબછબિયા કરવા ને આવો
મેહુલિયો આવ્યો રે આવ્યો રે

નિયતિ વૈદ્ય (૨-ક)

નીચી નજરે ચાલતા
ત્રણ ગુણ મોટા થાય
કાંટો ટળે દયા પળે
પગ પણ નહીં ખરડાય

સંકલન : ઉજવળ સુતરીયા (૮-બ)

સવા નવમાં પાંચ, કુલની આવે યાદ
સવા દશમાં પાંચ, ભોજન આવે યાદ
સવા અગિયારમાં પાંચ, નિશાળ આવે યાદ
સવા બારમાં પાંચ, તોફાન આવે યાદ

મિતેન મહેતા ૮-બ

સૂરજદાદા સોના વરણા,
પાડું છું હું બૂમ
દિવસ આખો દેખા દઇને,
થાઓ છો કયાં ગુમ ?

નાની કાળી વાદલડી
આકાશે દોડી જાય
ધરતી ઉપર વરસે ત્યારે
બાળક દોડી ન્હાય

હિરલ શાહ ૭-બ
તેજસ મહેતા ૭-બ

ફુલ ભલે ગમે ત્યાં હોય પણ,
ફુલ તો શોભે છે જ
ભલે તે કાંટાની વચ્ચે હોય,
કોઇના માથામાં હોય,
બગીચામાં ખીલેલું હોય,
સૂર્ય તેજ સામે હસતું હોય
વરસાદનાં ધીરા ધીરા બુંદમાં
નહાતું હોય,
પણ એ તો શોભે છે
ફક્ત તેના ખીલેલા રૂપથી

જાનકી શાહ ૬ બ

વસંત આવે
હોળી લાવે
કેસુડાને ફુલ લાવે
આનંદને ઉલ્લાસ જગાવે

નંદીશ ઝવેરી ૫અ

(અનુસંધાન પાન ૧નું ચાલુ)

એક અપંગ વ્યક્તિ પણ જો આટલું કરી શકે તો ભગવાને આપણને બધાં જ અંગ જ્યારે સારી હાલતમાં આપ્યાં છે તો આપણે શું ન કરી શકીએ આપણાં માટે કશું જ અશકય ન હોવુ જોઈએ, જરૂર છે ફક્ત દઢ સંકલ્પની અને સખત પરિશ્રમની. સંકલ્પનું બીજ વાવીને જો પરસેવાનુ સિંચન કરવામાં આવે તો કોઈપણ કાર્યમાં જરૂર સફળતા મળે. એડિસને સાચું કહ્યુ છે, "બુદ્ધિશાળી એટલે એક ટકો પ્રેરણા અને નવ્વાણું ટકા પરસેવો

સંકલન : હિતેષી ભટ્ટ ૮ બ

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક શારદામંદિર; નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૭.